**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૩/૦૪/૨૦૧૭ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-**

**સમાચાર યાદી નં.૬૮૭/૧૭**

**વટવા પોલીસ સ્ટેશન**

મે.મદદનીશ પો.કમી શ્રી "જે" ડીવીઝન સાહેબ તથા વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.જે.સરવૈયા સાહેબ નાઓની સુચનાથી તા.૩૧/૦૩/૧૭ ના રોજ પો.સ.ઇ એચ.સી.ઝાલા તથા સાથેના પોકો ઉપેન્દ્રસિંહ દશરથસિંહ બનં ૨૦૭૩ તથા પોકો દેવેન્દ્રસિંહ વેલુભા બનં ૨૩૧૫ તથા પોકો વિષ્ણુભાઇ બાબુભાઇ બ.નં.૨૫૫ તથા પો.કો.હીતેશભાઇ નાગજીભાઇ ૦૪૬ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા અને ફરતા ફરતા કલાક ૨૦/૪૫ વાગે વટવા ઇસનપુર રોડ ગેબનશા પીર ચાર રસ્તા પાસે આવતા તેઓને તેમના ખાનગી બાતમીદાર પાસેથી બાતમી હકીકત મળેલ કે એક કાળા કલરની ચોરીની પલ્સર મો.સા નં. જીજે-૧૮-સીએફ-૫૯૫૨ ઉપર ત્રણ ઇસમો કેટલીક ચોરીનો સામાન લઇ સદાની ધાબી તરફથી આવી ગેબનશા પીર દરગાહ ચાર રસ્તા થઇ ઇસનપુર તરફ જવાના છે જે બાતમી હકીકત હકીકત આધારે પંચો સાથે મો.સા.ની વોચમાં રહી મો.સા. ઉપર બેઠેલ ત્રણેય ઇસમો (૧) સોયબભાઈ યુનુશભાઈ શેખ ઉ.વ.૨૬ રહે, રોશનીપાર્ક એકતાનગરની બાજુમાં દયારામ ફેકટરીની બાજુમાં નારોલ વટવા અમદાવાદ શહેર તથા (૨) જાવેદઅલી હૈદરઅલી સૈયદ ઉ.વ.૨૦ ધંધો છુટક મજુરી રહે. રોશનીપાર્ક એકતાનગરની બાજુમાં દયારામ ફેકટરીની બાજુમાં નારોલ વટવા અમદાવાદ શહેર તથા (૩) ફઝલ હુસેન ગુલામ રસુલ શેખ ઉ.વ.૨૫ ધંધો છુટક મજુરી રહે. રોશનીપાર્ક એકતાનગરની બાજુમાં દયારામ ફેકટરીની બાજુમાં નારોલ વટવા અમદાવાદ શહેર નાઓની મો.સા. સાથે પકડી તેઓની અંગ ઝડતી તપાસ કરતા સદરી ઇસમો પાસેથી મળી આવેલ રોકડ રૂ.૧૫૦/- તથા મોબાઇલ નંગ-૩ કિંરૂ ૨૦૦૦/- તથા કેમેરો નંગ-૧ કિંરૂ ૫૦૦૦/- તથા ટેબલેટ નંગ-૧ કિંરૂ ૨૦૦૦/- તથા કાંડા ઘડીયાળ નંગ-૧૦ કિં રૂ.૧૦૦૦/- તથા ઇટીમેટ જ્વેલરી બોક્ષ નંગ-૨ કિંરૂ.૦૦/૦૦ તથા આર્મી કલરની બેગ કિં રૂ.૨૦૦/- તથા પલ્સર મો.સા નં જીજે-૧૮-સીએચ-૫૯૫૨ જેની કિં રૂ. ૩૫,૦૦૦/- મળી કુલ્લે કિંમત રૂ.૪૫૩૫૦/- ગણી મુદામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે કરેલ અને સદરી ઇસમોને સીઆરપીસી કલમ૪૧(૧) (આઇ) મુજબ તા.૩૧/૦૩/૨૦૧૭ ના કલાક. ૨૩/૦૦ વાગે અટક કરેલ હોય

બાદ આ કામે આરોપી સોયબભાઈ યુનુસભાઈ શેખ ઉ.વ.૨૬ રહે. રોશનીપાર્ક એકતાનગરની બાજુમાં દયારામ ફેકટરીની બાજુમાં નારોલ વટવા અમદાવાદ શહેરનાઓના મકાનની ઝડતી તપાસ કરી મકાનમાંથી ઇંટેક્ષ કંપનીનો મોબાઇલ નંગ-૧ કિંરૂ.૫૦૦/- તથા acer કંપનીનુ લેપટોપ નંગ-૧ કિંરૂ.૨૫૦૦૦/- તથા તોરણ નંગ-૧ કિંરૂ.૫૦૦/- તથા કાપડના પેંટ પીસ નંગ-૨ કિંરૂ.૫૦૦/- તથા એક એલ.જી.કંપનીનુ એલ.ઇ.ડી નંગ-૧ કિંરૂ.૨૫૦૦૦/- તથા એક હેડ ફોન નંગ-૧ કિંરૂ.૫૦૦/- મળી કુલ્લે કિંમત રૂ. ૫૨,૦૦૦/૦૦ ની મતાનો મુદામાલ પંચનામા વિગતે કબ્જે કરેલ આમ, આરોપીઓ પાસેથી કુલ્લે કિંરૂ.૯૭૩૫૦/- નો મુદામાલ રિકવર કરવામાં આવેલ છે.

આમ, આ કામના આરોપીઓએ વટવા વિસ્તારમાં (૧) વટવા પો.સ્ટેશન ફ.ગુ.ર.નં.૩૮/૧૭ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ (૨) વટવા પો.સ્ટેશન ફ.ગુ.ર.નં.૪૫/૧૭ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ (૩) વટવા પો.સ્ટેશન ફ.ગુ.ર.નં.૪૬/૧૭ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ (૪) વટવા પો.સ્ટેશન ફ.ગુ.ર.નં. ૯૮/૧૭ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ (૫) વસ્ત્રાપુર પો.સ્ટેશન ફ.ગુ.ર.નં.૭૫/૧૭ ઇપીકો ૩૭૯ મુજબના ગુનાઓ શોધી કાઢેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વટવા પોલીસ સ્ટેશન પકડાયેલ આરોપીઓ**




**દાણીલીમડા પોલીસ સ્ટેશન**

દાણીલીમડા ચિરાગ પાર્ક સોસાયટી બોમ્બે હોટલ સામે નારોલ દાણીલીમડા અમદાવાદ ખાતે રહેતા શ્રી એહમદહુસેન સમસુદીન શેખનાઓ તમાકુનો હોલસેલ ધંધો કરે છે તેમજ તમાકુ પ્રોડકટની ફેકટરી ધરાવે છે ગઈ તા.૨૮/૦૩/૨૦૧૭ ના કલાક ૨૧/૦૦ વાગ્યાના સુમારે કોઈ અજાણ્યા ઈસમે મોબાઈલ ઉપર રૂ.૩૦,૦૦,૦૦૦/- ની ખંડણી માંગી ધાક ધમકી આપતાં તેઓ પો.સ્ટે આવી રજુઆત કરતા અજાણ્યા ઈસમ વિરુદ્ધ ઈપીકો કલમ ૩૮૪, ૫૦૭ મુજબ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ. આ દરમ્યાન સદર ફરીયાદીની ફેકટરીના ગેટની અંદર પાણીના નળ પાસે ગઈ તા.૩૦/૩/૧૭ બપોરના ત્રણેક વાગ્યાના સુમારે ૩ નંગ જીવતા કારતુસ મળી આવતા અજાણ્યા ઈસમ વિરુદ્ધ આર્મ્સ એકટ મુજબ અલગથી ગુનો દાખલ કરી તપાસ હાથ ધરવામાં આવેલ.

બાદ આ દાખલ થયેલ આ બંન્ને ગુનાઓની ગંભીરતા ધ્યાને લઈ **મ.પો.કમિ શ્રી ચિંતન તૈરેયા "કે" ડીવીજન અમદાવાદ શહેર** નાઓના માર્ગદર્શન હેઠળ તથા **સિની.પો.ઈન્સ શ્રી આર.કે.અમીન** નાઓના સીધા સુપરવિઝન હેઠળ સદર ગુનાઓની તપાસ હાથ ધરવામાં આવેલ.

બાદ આ ગુનામાં વપરાયેલ મોબાઈલ નંબર તથા IMEI નંબર વિગેરેની વિગતો સત્વરે મંગાવી તે બાબતે ટેકનીકલ સર્વેલન્સ આધારે ઝીણવટપુર્વકની તપાસ કરતા આ ગુનામાં સંડોવાયેલ આરોપી મહમદ નાવેદ સન/ઓફ મહમદ આગોશ જાતે ખલીફા (હજામ) ઉ,વ ૨૧, રહે પાંચમા માળે ,આમના ફ્લેટ, બેરેલ માર્કેટ, ચીરાગપાર્ક, દાણીલીમડા અમદાવાદ શહેર તથા મુળ વતન ગામ કરસરા, તાલુકો બિલારી, જીલ્લો મુરાદાબાદ કાશી ઉતરપ્રદેશ નાને આજરોજ આ ગુનામાં અટક કરવામાં આવેલ છે તથા તેની પુછપરછમાં પોતે ફરીશ્રીના કારખાનામાં છેલ્લા પાંચેક વર્ષથી કામ કરતો હોય તથા શેઠની તમામ વિગતોથી માહીતગાર હોય તેણે પોતાને નાણાની જરૂરીયાત હોય શેઠ પાસેથી રૂ.૩૦,૦૦,૦૦૦/- ની ખંડણી માંગેલ હોવાની કબુલાત કરેલ છે તથા તેણ એપોતેજ બીજા દિવસે શેઠની (ફરીશ્રી) ફેક્ટરીના કંપાઉન્ડમાં જીવતા કારતુસ નાખેલા હોવાની પણ કબુલાત કરેલ છે. આમ ઉપરોક્ત બંન્ને ગુનાઓ ગણતરીના સમયમાં ઉકેલવામાં દાણીલીમડા પોલીસને સફળતા મળેલ છે. આ બાબતે આરોપીના રિમાન્ડ મેળવી આગળની તપાસ સર્વેલન્સ પો.સ.ઈ એચ.એન.પટેલ સા નાઓ કરી રહેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

આજરોજ સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન ૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર "જી" ડીવીજન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ સર્વેલન્સ પો.સ.ઇ એ.એસ.અસારી નાઓને સુચના કરતા તેઓ તથા સ્ટાફ ના માણસો એ આજ તા ૨/૪/૨૦૧૭ ના કલાક ૧૯/30 વાગે બાતમી હકીક્ત આધારે મનોહરવીલા ચાર રસ્તા પાસે.ચીત્રકુટ આવાસ ઔડાનાં બ્લોક નં.૧૦ મ.નં.૩૦૬ માં આરોપી અજબસીગ કામતાપ્રસાદ બાથમ,ઉવ ૪૨,રહે મનં ૨૩,ભારવી પાર્ક, અલકાપુરી સોસાયટીની સામે નિકોલ ઓઢવ રોડ,નિકોલ,અમદાવાદ નાઓ પોતાના આર્થીક ફાયદાસારુ બહારથી માણસો બોલાવી પૈસા પાના થી હાર જીતનો જુગાર રમી રમાડી કુલ ૧૪ માણસો સાથે અંગ જડતી ના નાંણા રુપિયા ૧૫૭૦૦/ તથા નાળના રુપીયા ૧૦૦૦/ તથા દાવના નાણા રુપીયા ૧૦૫૦/ મળી કુલ્લે રુ ૧૭૭૫૦/ તથા મોબાઇલ ફોન નંગ ૧૪ કિરુ ૨૧૦૦૦/તથા ગંજીપાના કેટ નંગ ૨ કિરુ ૦૦/૦૦ તથા મોટર સાયકલ વાહન નંગ ૦૩ કુલ્લે કિરુ ૮૫૦૦૦/ મળી કુલ્લે રુપીયા ૧,૨૩,૭૫૦/ ના મુદામાલ સાથે રેડ દરમ્યાન મળી આવેલ હોય તમામ ઇસમો વિરુધ્ધ જુગાર ધારા કલમ ૪,૫, મુજબ ની કાર્યવાહી કરી જુગાર ગણના પાત્ર કેશ શોધી કાઢેલ છે.તારીખ ૨/૪/૨૦૧૭

## એફ ડીવીઝન

મે.સંયુકત પોલીસ કમિશનરશ્રી ડી.બી.વાઘેલા સાહેબ ના સીધા માર્ગદર્શન તેમજ આદેશ અનુસંધાને અમદાવાદ શહેર સેકટર- ૨ વિસ્તારમાં દારુ તેમજ જુગારની બદીને સંપુર્ણ પણે નેસ્ત નાબુદ કરવાની કડક સુચના અનુસાર અમો એસીપી શ્રી "એફ"ડીવીઝન મંજીતા વણઝારા સાહેબ ના નેત્રુત્વમાં ઇસનપુર પો.સ્ટે ઇસનપુર રોડ સીરાજનગરના છાપરા ગરીબનાવઝ મસ્જીદ પાસે ઇસમનપુર રોડ ખાતે પતરાવાળા બંધ મકાનમાં જુગારની ક્લબ ચલાવતા (૧) શેરમહમદ ઉર્ફે શેરુ દિનમહમદ મેવાતી ઉવ.૪૦ રહે. ગરીબનાવાઝ મસ્જીદની સામે સિરાજનગર ના છાપરા અમદાવાદ શહેર(૨) નાસીરખાન ઇનાયતખાન પઠાણ ઉવ.૪૫ રહે. માજ રો-હાઉસ એ-૧૧ મીયા સમશેરભાઇ ફતેવાડી સરખેજ રોડ અમદાવાદ ઇસમોની ક્લબ પર રેઇડ કરી કુલ ૨૮ જુગારીઓ તથા રોકડ રુપિયા ૮૬૦૦૦/- તથા મોબાઇલ નં ૨૪ કિ.રુ.૨૮૪૦૦/- કુલ કિ.રુ ૧૧૪૦૦૦/- તથા જુગાર રમવા માટે સાહિત્ય (અલગ અલગ દરના કોઇન્સ તથા ગંજી પાના કેટ નંગ ૪૪ તથા હિસાબ કિતાબના ચોપડા ) કબ્જે કરી આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ અર્થે પો. ઇન્સ શ્રી ઇસનપુર પો.સ્ટેનાઓને સોંપેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આજરોજ તા.૩/૪/૧૭ સવારના સમયે શ્રી સ્વામિનારાયણ ઈન્ટર નેશનલ સ્કૂલ કેમ્પસ, અંબિકા પ્રાથમિક માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને તેમજ રાણીપ વિસ્તારના નાગરીકોને સુરક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.















નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)